નવી સેવા – ૨૦૧૫-૧૬
રાજ્યના શહેર/જીલ્લાના મુખ્ય મથક
(હેડ ક્વા.) માટે હથિયારી સંવર્ગની
વિવિધ ૧૦૦૦ જગ્યા મંજુર કરવા
બાબત (આયોજન)

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૪-૪૨૪૧-સ

સચિવાલય, ગાંધીનગર

તારીખ 30 APR 2015

વંચાણમાં લીધા:-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા. ૧૪/૧૧/૨૦૧૪ના પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૪૧૦/૨૦૧૪

(૨) વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર -૧૨ પાના નંબર-૧૭૦

ઠરાવ:-

રાજ્યના શહેર/જિલ્લાના મુખ્ય મથક ખાતે આર્મડ રીઝર્વ વ્યવસ્થા ગોઠવવામા આવી છે. શહેર તથા જીલ્લાના મુખ્ય મથક ખાતે શહેરીકરણને લીધે વસ્તી વધારો થવાને લીધે કોમી હુલ્લડો, આતંકવાદ, આંતરિક આતંકવાદ અને આંતરિક સુરક્ષાના પડકારોનો સામનો કરવા તેમજ ગાર્ડ/એસ્કોર્ટ, બંદોબસ્ત જેવી દરરોજની ફરજો નિભાવવા, વી.વી.આઇ.પી/વી.આઇ.પી ની સુરક્ષા અંગે, પેટ્રોલીંગ, અસામાજીક પ્રવૃતિઓ પર અંકુશ રાખવાની કામગીરી સાથે સાથે સામાન્ય નાગરીકો અને ખાસ કરીને કમજોર વર્ગોને પોલીસના યોગ્ય પ્રતિભાવ મળે અને પરીણામ લક્ષી કામગીરી થઇ શકે તે માટે નવુ મહેકમ મંજુર કરવા માટે પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ સંદર્ભ-૧ માં દર્શાવેલ તેઓના તા. ૧૪/૧૧/૨૦૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ – ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં તે માટે મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અતે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજ પત્રમાં નવી સેવા હેઠળ રાજ્યના શહેર/જિલ્લાના મુખ્ય મથક (હેડ ક્વા.) માટે હથિયારી વિવિધ સંવર્ગની ૧૦૦૦ જગ્યાઓ ભરવા માટે રૂ. ૧૭,૪૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા સત્તર કરોડ પીસ્તાલીસ લાખ પુરા ) ની આવર્તક ખર્ચ તરીકે રાજ્યના શહેર/જિલ્લાના મુખ્ય મથક (હેડ ક્વા.) માટે હથિયારી વિવિધ સંવર્ગની ૧૦૦૦ જગ્યાઓ ભરવા જોગવાઇ કરવામા આવી છે. ઉક્ત જગ્યાઓને તા. ૨૯/૦૨/૨૦૧૬ સુધીની મુદત માટે જગ્યાઓ ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| અ.નં | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગારધોરણ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર | ૦૧૦ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૦૦૦૦ ફીક્સ) | ૪૪૦૦ |
| ૨ | હથિયારી આસીસ્ટન્ટ પોલીસ સબ ઇન્સપેક્ટર (હથિ. એ.એસ.આઇ ) | ૧૪૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૩ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૧૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૪ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૩૮ | ૫૨૦૦-૨૦૨૦૦ (૫૩૦૦ ફીક્સ) | ૧૮૦૦ |
| | કુલ | ૧૦૦૦ | | |

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતી ના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નિતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગ ના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પ.ફ્રા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીને જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

11. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ
12. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
13. આ નવી મંજૂરી કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
14. શહેર/ જિલ્લાઓ માટે મંજુર થયેલ નવી જગ્યાઓની જે તે. શહેર/ જિલ્લાના મુખ્ય મથકે ફાળવવા અંગે હવે પછી વિગતવાર હુકમો કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ વર્ષ : ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નીચેના સદરે કરવાનો રહેશે.

મુખ્ય સદર : ૨૦૫૫- પોલીસ પેટા મુખ્ય સદર:૦૦ ગૌણ સદર:૧૦૯- નિર્દેશ અને વહીવટ, પેટા સદર :૦૧- MEP-૬- જિલ્લા પોલીસ ખુદ, કોડ નં ૧૧૪૫૦૫ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગની તા.૧૫/૦૪/૨૦૧૫ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી,
ગૃહ વભાગ

પ્રતિ,

- મહા મહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશક (વહીવટ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી,
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ,

- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય. રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી નિયામકશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પેન્શન અને પ્રોવિન્ડડ ફંડ નિયામકશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ/ઝ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/ના.સે. અધિકારી સિલેકટ ફાઇલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબત સિલેક્ટ ફાઇલ